દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬

# લેટિન અમેરિકાના ડ્રગ્સ માફિયાઓ: માથાભારેપણાનો નાદર નમૂનો

મેક્સિકોમાં રવિવારે સેનાએ એક વિશેષ ઓપરેશન ચલાવીને દેશના સૌથી મોટા ડ્રગ માફિયા સરગના અલ મેન્ચોને ઠાર માર્યો. આ સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર દેશમાં આગજની અને હિંસા ફાટી નીકળી. મેન્ચોના સમર્થકોએ બદલો લેવા માટે હાઈવે જામ કરી દીધા અને વાહનોમાં તોડફોડ કરવા માંડ્યા અને આગજની કરવા માંડ્યા. તેમના તોફાનોને કારણે ખાસ કરીને પશ્ચિમ મેક્સિકોમાં એટલી દહેશત ફેલાઇ ગઇ કે કેટલાક રાજ્યોમાં તો શાળાઓમાં રજા જાહેર કરી દેવાઇ. અનેક શહેરોમાં લોકો ઘરોમાં ભરાઇ રહ્યા. અનેક વિદેશી સરકારોની સાથે ભારત સરકારે પણ મેક્સિકોમાં વસતા પોતાના નાગરિકો માટે એડવાઇઝરી જારી કરવી પડી અને તેમને સલામતી માટે સૂચનો કરવા પડ્યા. ભારે હિંસામાં મેક્સિકન નેશનલ ગાર્ડના ૨૫ જેટલા સભ્યો પણ માર્યા ગયા હોવાના હેવાલો આવ્યા. આ બાબત સૂચવે છે કે મેક્સિકોમાં ડ્રગ માફિયાઓનું કેટલી હદે જોર છે.

લશ્કરના આ ઓપરેશનમાં મેન્ચો ઉપરાંત અન્ય ઓછામાં ઓછા 9 ગુનેગારો પણ માર્યા ગયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, એલ મેન્ચો જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ (CJNG)નો લીડર હતો. આ ગ્રુપ મેક્સિકોમાં ડ્રગ્સ બનાવવા, વેચવા, સ્થાનિક વેપારીઓ પાસેથી ખંડણી વસૂલવા અને લોકોમાં દહેશત ફેલાવવા માટે કુખ્યાત છે. આ કાર્ટેલની હાજરી અમેરિકાના તમામ 50 રાજ્યોમાં છે. અમેરિકી સરકારે તેના પર 136 કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું અને અમેરિકી પ્રમુખ ટ્રમ્પ લાંબા સમયથી મેક્સિકો પર આ માફિયા વિરુદ્ધ કાર્યવાહી કરવા દબાણ કરી રહ્યા હતા. તે માર્યો ગયો તેના પછી ડરના કારણે લોકો એરપોર્ટ છોડીને ભાગી રહ્યા હતા. એર કેનેડાએ અહીંની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી હતી. સમર્થકોએ રસ્તા પર વાહનો રોકીને તેમાં આગ લગાવી દીધી. મેક્સિકોનો ઇતિહાસ રહ્યો છે કે જ્યારે પણ કોઈ મોટા કાર્ટેલ નેતાની ધરપકડ થાય કે મોત થાય, ત્યારે સરકાર અને ગુંડાઓ વચ્ચે લોહિયાળ જંગ છેડાય છે. 2016માં 'એલ ચાપો' અને 2024માં 'અલ માયો' વખતે પણ આવી જ હિંસા થઈ હતી. ટ્રમ્પ પ્રશાસને ફેબ્રુઆરીમાં આ કાર્ટેલને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતું. ટ્રમ્પે તો ત્યાં સુધી ચેતવણી આપી હતી કે જો મેક્સિકો પગલાં નહીં લે, તો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરશે. મેક્સિકોના પ્રમુખ ક્લોડિયા શીનબૌમે જોકે અમેરિકાના હસ્તક્ષેપનો વિરોધ કર્યો છે, પરંતુ ગુપ્ત માહિતીના સ્તરે બંને દેશો વચ્ચે સહયોગ વધ્યો છે. UN વર્લ્ડ ડ્રગ રિપોર્ટ 2025 મુજબ, મેક્સિકોના આ ડ્રગ કાર્ટેલ્સ દુનિયાના સૌથી વધુ કમાણી કરતા ગુનાહિત સંગઠનો છે, જે વાર્ષિક 1 લાખ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરે છે. રિપોર્ટ્સ અનુસાર, આ ડ્રગ કાર્ટેલ્સ પાસે મેક્સિકોની સત્તાવાર એરલાઈન્સ કરતા પાંચ ગણા વધારે વિમાન અને હેલિકોપ્ટર છે. તેમની પાસે પોતાની ખાનગી સેના છે જેમાં આશરે 1.60 લાખથી 1.85 લાખ સભ્યો છે. આ ગુનેગારો પાસે મશીનગન, ટેન્ક અને રોકેટ લોન્ચર જેવા અત્યાધુનિક હથિયારો છે. આ બાબત દર્શાવે છે કે આ કેફી દ્રવ્યોનો ધંધો કરતી ટોળકીઓ કેટલી પાવરફૂલ છે. મેક્સિકોમાં ડ્રગ માફિયાઓ એટલી શક્તિ ધરાવે છે કે તેઓ સમાંતર સરકાર ચલાવે છે, અને જ્યારે કોઈ કાર્ટેલ બોસનું પતન થાય છે, ત્યારે ભારે તોફાન અને અંધાધૂંધી મચી શકે છે. મેક્સિકન ડ્રગ કાર્ટેલના વડાઓની પ્રચંડ શક્તિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સિનાલોઆ કાર્ટેલના ચીફ જોકવિન 'અલ ચાપો' ગુઝમેન, જે 'શોર્ટી' તરીકે પણ ઓળખાય છે, તેણે એક સમયે ફોર્બ્સ મેગેઝિનની વિશ્વના સૌથી ધનિક અને શક્તિશાળી લોકોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું. ડ્રગ કાર્ટેલનો ભૂતપૂર્વ વડો, અલ ચાપો ઉર્ફે શોર્ટી, હાલમાં અમેરિકાની જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. 'અલ ચાપો' ગુઝમેને ખેત મજૂરીથી શરૂઆત કરી સિનાલોઆ કાર્ટેલની સ્થાપના કરી હતી. તેની પાસે પ્રાઈવેટ ઝૂ, હીરા જડેલી બંદૂકો અને વૈભવી યાટ જેવી મિલકતો હતી. હાલમાં તે અમેરિકાની જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો છે. આ ઉપરાંત પાબ્લો એસ્કોબાર પણ કોલંબિયાનો મોટો માફિયા બોસ હતો. પેડ્રો એવિલેસ અને ત્યારબાદ ગોડફાધર તરીકે ઓળખાતા મિગ્યુએલ એન્જલ ફેલિક્સ ગેલાર્ડો જેવા નેતાઓએ મધ્ય અમેરિકા અને મેક્સિકો થઈને અમેરિકામાં દાણચોરીના માર્ગો સ્થાપિત કર્યા હતા. ૧૯૮૦ના દાયકામાં સ્થપાયેલા ગ્વાડાલજારા કાર્ટેલનું ગેલાર્ડોના નેતૃત્વ હેઠળ વર્ચસ્વ હતું, જેણે પાબ્લો એસ્કોબાર સાથે ભાગીદારી કરી હતી.

ફક્ત મેક્સિકો જ નહીં પણ મધ્ય અને દક્ષિણ અમેરિકાના અનેક દેશોમાં ડ્રગ્સ ટોળકીઓનો ભારે પ્રભાવ અને ધાક છે. હોન્ડુરાસ, કોલંબિયા, વેનેઝુએલા જેવા દેશોના ડ્રગ્સ માફીયાઓ કુખ્યાત છે. આ ડ્રગ્સ મોટે ભાગે અમેરિકા જેવા સમૃદ્ધ દેશોમાં મોંઘી કિંમતે ઘૂસાડવામાં આવે છે. આ ડ્રગ્સ ટોળકીઓ આટલી પાવરફૂલ બની ગઇ તે માટે આ દેશોમાં પ્રવર્તતો વ્યાપક ભ્રષ્ટાચાર જવાબદાર છે. જો રાજકીય ઇચ્છાશક્તિ હોય તો આવી ટોળકીઓને સરકાર ચપટીમાં મસળી શકે. પણ આ દેશોની સરકારોએ સ્થિતિ વકરવા દીધી છે. ટ્રમ્પ જેવા કોઇ દબાણ કરે તો થોડુ ઘણુ થાય, પછી જેવું ચાલતું હતુ તેવું જ ચાલતું થઇ જાય છે.

## સાંભળો નહીં, ઉપદેશનો અમલ કરો



એક વ્યક્તિ ભગવાન બુદ્ધના સત્સંગમાં મોટેભાગે હાજરી આપતો, તે બહુ ઉત્સુકતાથી શ્રદ્ધાથી પ્રભુનો ઉપદેશ સાંભળતો. પોતાના પ્રવચનમાં ભગવાન બુદ્ધ લગભગ રોજ જુદી જુદી રીતે ઉપદેશ આપી સમજાવતા કે લોભ, ક્રોધ, મોહ પાપના મૂળ છે. હિંસા કરવી અને અસત્ય બોલવું અધર્મ છે અને જો સાચા મનની શાંતિ મેળવવી હોય તો આ બધા જ દુર્ગુણોનો ત્યાગ કરો. ક્રોધી, ઈર્ષાળુ, સ્વાર્થી અને જૂઠો વ્યક્તિ ક્યારે શાંતિ મેળવી શકતો નથી. તે રોજ ભગવાન બુદ્ધનો ઉપદેશ સાંભળતો પરંતુ દુર્ગુણોનો ત્યાગ કરી શકતો ન હતો તે સમજતો પણ દુર્ગુણો દૂર થતા ન હતા તેથી તે મનથી અશાંત રહેતો. એક દિવસ તે ભગવાન બુદ્ધની પાસે ગયો અને પ્રાર્થના કરતા બોલ્યો,' ભગવન, હું ઘણા દિવસોથી તમારા સત્સંગમાં આવું છું. ઉપદેશ સાંભળું છું... સમજુ છું.... છતાં તમારા ઉપદેશની મારી પર કોઈ અસર થતી નથી. મારા મનને શાંતિ પ્રાપ્ત થતી નથી. મારું મન પહેલા જેવું જ અશાંત રહે છે આમ કેમ?' ભગવાન બુદ્ધે સ્મિતસહ પૂછ્યું, 'તું ક્યાં રહે છે?' વ્યક્તિએ કહ્યું, 'સારસ્વતી નગરીમા' ભગવાન બુદ્ધે આગળ પ્રશ્ન કર્યો, 'અહીંથી તારું ઘર કેટલું દૂર છે?' પેલી વ્યક્તિએ પોતાના ઘર અને નગરી સુધીનું અંતર કહ્યું. બુદ્ધે બીજો પ્રશ્ન કર્યો, 'ત્યાં સુધી પહોંચવાનો રસ્તો તને ખબર છે?' પેલા વ્યક્તિએ કહ્યું, 'ભગવાન હું રોજ અહીંયા આવું છું અને પાછો ઘરે જાઉં છું તેથી રસ્તો તો બરાબર ખબર જ હોય ને.' બુદ્ધે ત્રીજો પ્રશ્ન કર્યો, 'તને અંતર ખબર છે... રસ્તો ખબર છે... તો અહીંથી હાલ્યા વિના રસ્તા પર ચાલ્યા વિના તું તારા ઘરે પહોંચી જઈ શકે?' પેલા વ્યક્તિએ મૂંઝવણ સાથે કહ્યું, 'ભગવન, ઘર સુધી પહોંચવા મારે અહીંથી જવું તો પડે ને અને પહેલા રસ્તા પર ચાલવું પણ પડે ને તો જ હું ઘરે પહોંચી શકું.' ભગવાન બુદ્ધ હસ્યા અને પછી બોલ્યા, 'બરાબર, તો પછી મારું પ્રવચન સાંભળી શાંતિ મેળવવાનો માર્ગ તને ખબર છે. રોજે રોજ સાંભળી તેને બરાબર સમજાયો છે અને યાદ છે પરંતુ માત્ર કલ્યાણમાર્ગ જાણવાથી કઈ નહીં થાય... ઉપદેશ સાંભળવાથી કંઈ નહીં થાય... ઉપદેશને આચરણમાં મૂકવાથી સદમાર્ગે ચાલવાથી શાંતિ મળશે, ઉપદેશ પ્રમાણે અવગુણો અને દુર્ગુણોથી પીછો છોડાવી સદમાર્ગે આગળ વધીશ ત્યારે તારા મનને શાંતિનો અનુભવ થશે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# શું ભારત-અમેરિકા વેપાર કરાર પર પુનઃવિચાર કરવાની જરૂર છે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**અત્યારે અમેરિકામાં ચાલી રહેલા મોટા વિસંવાદમાં ટેરિફ એ માત્ર એક નાનો ભાગ છે. એ સાચું છે કે, ૨૦૨૪ પછી યુએસ કોંગ્રેસના બંને ગૃહોમાં રિપબ્લિકન પાસે બહુમતી છે. આનો અર્થ એ પણ થયો કે, ટ્રમ્પ માટે કાયદાકીય અવરોધો લગભગ અસ્તિત્વમાં નથી**

ભારત અમેરિકા સાથેના વેપાર કરારની વ્યાપક પદ્ધતિઓ પર સહમત થયું હતું ત્યાં જ સ્થિતિ ફરી બદલાઈ ગઈ છે. ૨૦ ફેબ્રુઆરીના રોજ યુએસ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના 'લિબરેશન ડે' ટેરિફ લાદવા માટે યુએસના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (આઈઈઈપીએ)નો ઉપયોગ ગેરબંધારણીય હતો. અપેક્ષા મુજબ, ટ્રમ્પે ચુકાદાની ટીકા કરી અને નવા ટેરિફ લાદવા માટે વિવિધ નિયમો લાગુ કર્યા છે, જે તેમણે એક જ દિવસમાં ૧૦%થી વધારીને ૧૫% કરી દીધા છે. અત્યારે ઘણી બાબતો અજ્ઞાત છે. ભારતે આ અઠવાડિયે વોશિંગ્ટન ટ્રેડ ડેલિગેશન (વેપાર પ્રતિનિધિમંડળ) મોકલવાની યોજના મોકૂફ રાખી છે, જેનું મુખ્ય કારણ હાલની અનિશ્ચિતતા છે.

ભારતીય માલસામાન પર યુએસ ટેરિફ ઘટાડીને ૧૮% કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે ભારત પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડૉલરની યુએસ વસ્તુઓ ખરીદવા માટે સંમત થયું હતું, જેમાં ઊર્જા પુરવઠો, વિમાન અને તેના ભાગો, કિંમતી ધાતુઓ અને ટેક્નોલોજી ઉત્પાદનોનો સમાવેશ થાય છે. યુએસ સુપ્રીમ કોર્ટે તેમના ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપ્યા પછી ટ્રમ્પે યુએસ ટ્રેડ એક્ટ ૧૯૭૪ની કલમ ૧૨૨નો ઉપયોગ કરીને પહેલા ૧૦% કામચલાઉ આયાત ટેરિફ લાદ્યો અને પછી તેને વધારીને ૧૫% કરી દીધો. અગાઉની ૧૮% ટેરિફ વાટાઘાટો ચોક્કસ લાભોના આધારે કરવામાં આવી હતી, જે હવે સમાપ્ત થઈ ગઈ છે. હવે, બંને પક્ષોએ તેમની વ્યૂહરચનાઓ પર પુનઃવિચાર કરવો પડશે અને અમેરિકાએ વધુ જરૂરી મુદ્દાઓ પર ધ્યાન આપવું પડશે.

યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી એવું લાગે છે કે, ભારતને અન્ય દેશોની જેમ, હવે મોસ્ટ-ફેવર્ડ-નેશન સ્ટેટસ રેટ (સામાન્ય રીતે આશરે ૨-૩%) ઉપરાંત ૧૫% ટેરિફનો સામનો કરવો પડશે. ભારત અને અમેરિકાનો મત છે કે તેમની વાતચીત દરેક પક્ષને નવીનતમ વિકાસ અને તેની અસરોનું મૂલ્યાંકન કરવાનો સમય મળે તે પછી જ નિર્ધારિત થવી જોઈએ.

યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વૈશ્વિક સ્તરે શું અર્થ છે?

પ્રથમ, આ ચુકાદો ટ્રમ્પ વહીવટીતંત્રની મનસ્વી રીતે ટેરિફ લાદવાની સત્તાને મર્યાદિત કરે છે - એક એવું પગલું જે વેપારના શસ્ત્રીકરણનો અંત લાવી શકે છે અને અનુમાનિત, નિયમ-આધારિત વાણિજ્યને પુનઃસ્થાપિત કરી શકે છે. બીજું, વહીવટીતંત્ર પાસે હવે દેશો પર દબાણ લાવવાના મર્યાદિત વિકલ્પો છે. દરેક નવા ટેરિફ માટે યુએસ કોંગ્રેસની મંજૂરી લેવી પડશે. ત્રીજું, ભારત સહિતના કેટલાક દેશોએ અમેરિકા સાથે કાયદેસરના વેપાર કરારો પર વાટાઘાટો કરી છે, પણ હજી સુધી હસ્તાક્ષર કર્યા નથી, ત્યારે જે દેશો સાથે મક્કમ કરારો છે તેઓ વળતરની માંગ કરી શકે છે.

ચોથું, અપેક્ષિત વિકાસ રિફંડ (પરત ચુકવણી)ને લગતો છે. ઘણા આયાતકારો ગેરકાયદે લાદવામાં આવેલા વધારાના ટેરિફના રિફંડ માટે યુએસ સરકાર પાસે દાવા કરે તેવી અપેક્ષા છે. કેટલાકે ભારત સહિતના વિવિધ દેશોના નિકાસકારોને કહ્યું છે કે, તેઓ રિફંડ તેમની સાથે વહેંચશે. નિકાસકારો, આયાતકારો અને અમેરિકન ગ્રાહકોએ ઊંચા ટેરિફનો માર સહન કર્યો છે, મુખ્યત્વે શ્રમ-સઘન ઉત્પાદનો પર જે અમેરિકા આયાત કરવા માટે બંધાયેલું છે. વિવિધ વસ્તુઓના ભાવ ઘટવાની અપેક્ષા છે.

અત્યારે અમેરિકામાં ચાલી રહેલા મોટા વિસંવાદમાં ટેરિફ એ માત્ર એક નાનો ભાગ છે. એ સાચું છે કે, ૨૦૨૪ પછી યુએસ કોંગ્રેસના બંને ગૃહોમાં રિપબ્લિકન પાસે બહુમતી છે. આનો અર્થ એ પણ થયો કે, ટ્રમ્પ માટે કાયદાકીય અવરોધો લગભગ અસ્તિત્વમાં નથી. જોકે, યુએસ સરકારે બે વાર કામકાજ બંધ કરવું પડ્યું છે. તેમના ટેરિફ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો ટ્રમ્પને વાગનારી પ્રથમ ગોળી છે. આ તેમને શાંત કરવાને બદલે નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણી સુધી વધુ ક્રોધિત કરશે. જો રિપબ્લિકન પાર્ટી આ ચૂંટણીમાં થોડા મતોથી પણ હારી જશે તો તેમના હાથમાંથી કાયદાકીય બહુમતી છીનવાઈ શકે છે અને ટ્રમ્પ વહીવટીતંત્ર ખૂબ જ નબળી સરકાર બની જવાનું જોખમ ઊભું થઈ શકે છે.

ત્યાં મહાભિયોગનું જોખમ પણ છે. જોકે, રિપબ્લિકનની જીતથી ટ્રમ્પના વિરોધી કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ વધુ આક્રોશનું જોખમ ઊભું થશે. અહીં એક વાત તો કહેવી જ જોઈએઃ ટેરિફ, અત્યાર સુધી અમેરિકાના જીવનધોરણના ખર્ચને ઘટાડવામાં કે મેન્યુફેક્ચરિંગને ફરીથી પાટા પર લાવવામાં સફળ થયા નથી. આથી તે ન્યાયના હિતમાં હશે કે અંતિમ નિર્ણયો અમેરિકન જનતા દ્વારા જ લેવામાં આવે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભાષાસુધારનું કામ ટેક્નોલોજીના હવાલે મૂકીએ

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

અખા ભગતે ગુજરાતનાં સંસ્કારપ્રિય લોકોને વર્ષ ૧૬૧૫ માં રણ જીતવાનું માહાત્મ્ય જણાવેલું. આમ છતાં વિદ્વજ્જનો ગુજરાતી ભાષામાં મુળાક્ષર, જોડણી, દીર્ઘ સ્વર અને વ્યંજન આસપાસ પોતાની સત્ત્વશીલ જિંદગી ખપાવી રહ્યાં છે. વિશ્વમાં સહુથી વધુ માત્રામાં બોલાતી અંગ્રેજી ભાષાની સુધારણા માટે વર્ષ ૧૭૬૮ થી પ્રયત્ન થતા રહ્યા છે અને અમેરિકન સ્પેલ બી. સ્પર્ધાને ૧૦૦ વર્ષ પૂર્ણ થવા આવ્યાં છે ત્યારે પણ અંગ્રેજી શબ્દ કર્નલમાં આર ની બાદબાકીનો મામલો પાર્લામેન્ટ સુધી પહોંચ્યો છે. વર્ષ ૧૮૨૯ માં ઓહાયોના પ્રાધ્યાપક જેમ્સ રગર્લ્સ દ્વારા યુનિવર્સલ લેન્ગ્વેજનો પ્રસ્તાવ મુકાયો છે, જે આજે પણ યુરોપિય સંઘમાં વિચારણા આધીન છે તો ગુજરાતી, મરાઠી કે હિન્દી ભાષાના વપરાશ માટેના આગ્રહ માટે ઝઘડા શાથી! અને બીજી તરફ જે વિદ્યાર્થીઓ ભાષાનું હલેસું પકડીને પોતાનું નાવડું આગળ ખેંચે છે, તેમની હાલત તો સો ડુંગળી અને સો કોરડા વેઠતાં ધોબી જેવી થઈ જાય છે.

કોઈ પણ ભાષા માહિતી અથવા તો જ્ઞાનના માધ્યમથી વિશેષ, સમાજ અને સંસ્કૃતિ સાથે અભિન્નપણે વણાયેલી છે. આમ છતાં જે પાઠ્યપુસ્તકોનાં પગથીએ વિદ્યાર્થી ભાષાનું લેખિત સ્વરૂપ જાણે છે તે પાઠ્યપુસ્તકોમાં વપરાતી ભાષામાં નર્યું શહેરીપણું અભિવ્યકત થાય છે. વિદ્યાર્થીઓ માટેનાં આ પુસ્તકોની ભાષા જોતાં જણાય છે કે પાઠ્યપુસ્તક મંડળનાં પુસ્તકોને અંતરિયાળ આદિવાસી બોલી સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નથી. પરિણામે, અભ્યાસક્રમના ભાગરૂપે સ્વીકારાયેલાં પુસ્તકો વિદ્યાર્થીઓનાં નિજી જીવનથી દૂર રહી જાય છે.

તાજેતરમાં ભાષા અને સ્કૂલ ડ્રોપ- આઉટ્સ વિષયનાં ૧૩,૦૦૦ બાળ શ્રમિકો સાથેના અભ્યાસથી જણાય છે કે, શાળા છોડી દેનાર ૬,૭૦૦ બાળકોએ શાળા છોડી દેવાનું કારણ જણાવતાં કહ્યું કે અમને ભણવાની મજા નથી આવતી. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના અભ્યાસમાં સ્કૂલ ડ્રોપ-આઉટ્સ સંબંધે જણાવાયું છે કે શહેરી સંસ્કૃતિમાં ઉછરેલાં બૌદ્ધિકો દ્વારા તૈયાર થતાં પુસ્તકો અને તેની ભાષા ગ્રામ્ય બાળકોની સમજમાં જ આવતી નથી. કરુણતાની ચરમસીમા ત્યારે આવે છે કે ભરૂચ જિલ્લાના એક ગામની સાર્વજનિક શાળામાં ધોરણ-૧૦ની સત્રાંત પરીક્ષામાં માત્ર ૧૦ % વિદ્યાર્થી ઉત્તીર્ણ થયાં. વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી કરવામાં મદદ કરવા છતાં આવું પરિણામ મળવા અંગે શાળાના એક શિક્ષક મિત્રે દિલ ખોલતાં કહ્યું, "સાહેબ, અમારાં વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રની ભાષા જ પકડાતી નથી" અને આથી જ તો ગુજરાતની મહાનગરપાલિકાઓ અને એ જ જિલ્લાનાં ગામડાંઓમાં આવેલી શાળાઓનાં પરિણામોમાં પણ ખાસ્સો ફરક જોવા મળે છે.

જ્યારે પરીક્ષા ખંડની બહાર વાસ્તવિક જીવનમાં તો ૮૦ % કંપનીઓ પોતાને ત્યાં સ્કીલને પ્રાધાન્ય આપી યુવકોને નોકરી આપી રહ્યાં છે. તાજેતરના ઈન્ડિડના અહેવાલ અનુસાર ગુજરાતનાં ૪૨% યુવકો અભિવ્યક્તિના અભાવે પસંદગીની પ્રક્રિયામાંથી બહાર નીકળી જાય છે. ભવિષ્યની જરૂરિયાત સંબંધે ઈન્ડિડનો રિપોર્ટ જણાવે છે કે એ.આઈ. અને સાઈબર સિક્યોરિટી જેવા વર્ચ્યુઅલ ફિલ્ડમાં તો નોટ-પેનનું કામ જ નથી રહેવાનું.

કોશિયો પણ સમજી શકે તેવું સરળ સાહિત્ય સર્જવા ગાંધીજીએ કહ્યું. તેઓએ કુંભાર, ચમાર, સુથાર, ખેડૂ અને મોચી જે ભાષા વાપરે છે તેવી સરળ ભાષાનો આગ્રહ રાખ્યો. તે પછી સ્વામી આનંદે ભાર દઈને કહ્યું કે, "મારું ચાલે તો ગુજરાતી જોડણીમાંથી બધા વિકલ્પો કાઢી નાખું, જોડણી ઉચ્ચારણો પ્રમાણે રાખી, જોડણીમાંથી બધા વિકલ્પો કાઢી જોડાક્ષરોને સમૂળગા કાપી નાખું' બોલવા, લખવા, વાંચવા અને છાપવાનું કામ સૌના માટે સાવ સહેલું કરી મૂકું. અહીં લિપિને સરળ અને અનુરૂપ કરવાની વાત છે. પરંતુ કમનસીબે સાક્ષરો અને હવે રાજકારણીઓ આજે પણ આગ્રહ રાખે છે કે વિદ્યાર્થી અમારા પ્રદેશની અને શુદ્ધ ભાષા લખતાં અને સ્પષ્ટ રીતે અભિવ્યકત કરતાં પહેલાં શીખે અને પછી જ બીજા વિષયનું જ્ઞાન મેળવે. સંસ્કૃત જેવી વિશ્વની શ્રેષ્ઠ ભાષા પણ તેની કિલષ્ટતાના કારણે મૃતઃપ્રાય બની, એ વાતનો ખ્યાલ દલપતરામ સમિતિને વર્ષ ૧૮૫૯માં આવ્યો. પરંતુ સાહિત્યકારોએ ભાષાનાં સ્વરૂપ પ્રત્યે મમત પકડી રાખ્યું છે જે દરમિયાન આમપ્રજામાં સસ્તાં ફિલ્મ-સામયિકો અને ટી.વી. માં વપરાતી મિશ્ર ગુજરાતી ભાષા પ્રચલિત બનતી ચાલી છે. જેને રોગનાં એંધાણ તરીકે મૂલવવી જોઈએ. જે સામે કેટલાંક સંગઠનોએ આલબેલ પણ પોકારી છે. પરંતુ હજુ શિક્ષણના સાર્વત્રિક સંદર્ભ તરીકે ભાષાની સરળતા સ્વીકારાઈ નથી. આથી એક જ પ્રકારનાં પાઠ્યપુસ્તકોના વપરાશ કરતાં ગુજરાતના વિભિન્ન પ્રદેશનાં વિદ્યાર્થીઓને નછૂટકે કંટાળાજનક અભ્યાસ છોડી દેવો પડે છે. જરૂરથી ડર રહે છે કે ગુજરાતી ભાષાની સજ્જતા માટે કાળજી લેવામાં નહીં આવે તો ભાષાવિજ્ઞાનીઓની સેંકડો વર્ષની જહેમત એળે જશે. પરંતુ સમૃદ્ધ માતૃભાષામાં ક્રાંતિનો સૂર્યોદય એ. આઈ. ટેક્નોલોજીથી લાવી શકાય તેમ છે. ભાષાના ૯૦% મૂળભૂત સિધ્ધાંતોની કાળજી કમ્પ્યુટર પ્રોગ્રામિંગથી હાથવગા કરી શકાય તેમ છે.

ભગવત ગો મંડલ માટે જેઓએ મહેનત કરી હશે તેઓને યાદ કરી ફરી આર્ટિફિશ્યલ ઈન્ટેલિજેન્સનું પ્રોગ્રામિંગ શુદ્ધ ભાષાથી થાય તે માટે યુનિવર્સિટીના ભાષાભવન અથવા શિક્ષક તાલીમભવનથી કાર્ય થાય તે જરૂરી છે. આ માટે ગુજરાત સાહિત્ય અકાદમી તથા પરિષદ આર્થિક સહયોગ પૂરો પાડે તો ભાષાની નાવ કાંઠા સુધી પહોંચી જશે.

યાદ રહે, ગુજરાતની નવી પેઢીમાં હવે ભાષાશુદ્ધિ વિચાર અમલી કરવાનું શક્ય જ નથી. આથી ટેક્નોલોજીની મદદ લઈએ. ૯ ભાગમાં ભગવત ગો - મંડલે ગુજરાતી શબ્દોને સાચવ્યા તેમ આધુનિક યુગમાં ભાષાનો વારસો કોમ્પ્યુટરને સાચવવા ભરોસો રાખીએ. કહેવાયું છે હસીને કબૂલ કરીએ અથવા રડીને મંજૂર રાખીએ. ગુજરાતી ભાષાની શુધ્ધિ સંબંધે આ જ ન્યાય યોગ્ય છે.

આપણી લોકશાહી અમૃત મહોત્સવ ઊજવી રહી છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ શતાયુ બનવા તરફ ગતિ કરી રહ્યાં છે. પરંતુ આપણા પાયાના પ્રશ્નો હજુ બાલ્યાવસ્થામાં જ પડ્યા છે અને આજે ૩૨ થી ૪૦ ટકાના દરે બાળકો શિક્ષણ છોડી દે છે, તે જોતાં વર્ષ ૨૦૩૦ની સાલમાં તો વિશ્વનો તમામ બીજો માતૃભાષાથી દૂર થયેલ નાગરિક કદાચ ભારતીય હોય તો આવી સ્થિતિ આશ્ચર્યજનક નહીં હોય.

શિક્ષણ પાછળનો પાર વિનાનો ખર્ચ એળે જાય તે પહેલાં જે પાણીએ મગ ચડે તે ઉપાય અજમાવીએ. શિક્ષણના સાધન તરીકે ભાષાને સરળ કરીએ. ટેક્નોલોજીના ઉપયોગથી સમજાય તેવી ભાષાને વહેતી કરીએ. માતૃભાષામાં ફરજિયાત શિક્ષણ સ્વયં એકસો ડુંગળી જેવું થઈ રહ્યું છે ત્યારે ઈચ્છીએ કે સારસ્વતો અને રાજકારણીઓ ભાષાની સોટીએ વિદ્યાર્થીઓને બીજા એકસો કોરડાની શિક્ષા નહીં ફટકારે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગલગોટિયા યુનિવર્સિટી

આપણા દેશમાં પ્રાઈવેટ યુનિવર્સિટીની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. ખાનગી વિશ્વવિદ્યાલયો સામે અવરનવર વિશ્વસનીયતાના પ્રશ્નો ઊભા થતા રહે છે. એઆઈ સમિટ કે જેને માટે આપણે ગૌરવ લઈ શકીએ એમ છે ત્યારે સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ ગલગોટીયા યુનિવર્સિટીને કારણે આપણા દેશે નામોશી વહોરવી પડી છે. અપવાદરૂપ ખાનગી યુનિવર્સિટીઓને બાદ કરતાં નફાના હેતુથી ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત હોય છે. તાજેતરમાં યુજીસી એ ભારતમાં 32 જેટલી યુનિવર્સિટીઓ નકલી જાહેર કરી છે. એમના દ્વારા એનાયત થયેલી ડિગ્રી અમાન્ય થાય છે. ગલગોટિયા યુનિવર્સિટી પોતે જ જ્યારે એઆઈ સમિટમાં ચીને બનાવેલા રોબો ડોગને પોતે બનાવ્યો છે એવું જાહેર કરે છે ત્યારે આવી યુનિવર્સિટીમાંથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ કેવા તૈયાર થશે તે વિચારવું રહ્યું. આ યુનીવર્સિટીની સમગ્ર ભારતમાં ખૂબ જ ટીકા થઈ અને એને એઆઈ સમિટમાંથી કાઢી મૂકવામાં આવી હતી. આપણે ત્યાં તો છીંડે પકડાયો ચોર આવા જ ગફલા બીજી યુનિવર્સિટીમાં નહીં ચાલતા હોય એમ માનવાને કોઈ કારણ નથી. જે વિશ્વવિદ્યાલયોમાં ભારતનું ભાવી ઘડાતું હોય ત્યાં જ આવી શરમજનક ઘટના બને એ દેશને માટે શરમની વાત છે. વિદેશની તમામ યુનિવર્સિટીઓમાં તપાસ કરીને ભારતના ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવા વર્ગનું ભાવિ અંધકારમય બની નહીં જાય તે જોવાની જવાબદારી સરકારની છે. જો ભારત દેશનું ભાવી ઉજ્જવળ બનાવવું હોય તો સરકારે શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આવા બનાવ પછી યુજીસી અને સરકાર સતત એકશન મોડ પર રહે તે ખૂબ જ જરૂરી છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## હોદ્દો અને જવાબદારી

માનવ સમાજમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ હોદ્દો ધરાવે છે. હોદ્દો એટલે સ્થાન, પદ અથવા દરજ્જો, જે વ્યક્તિને તેના કાર્ય, લાયકાત અથવા સંસ્થા દ્વારા આપવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિને હોદ્દો આપવામાં આવે છે, ત્યારે તેની સાથે કેટલીક જવાબદારીઓ પણ સંકળાયેલી હોય છે. હોદ્દો માન-સન્માન આપે છે, પરંતુ જવાબદારી તેને સાર્થક બનાવે છે. કોઈ સંસ્થામાં પ્રમુખ, મંત્રીનો હોદ્દો હોય કે શાળામાં પ્રિન્સિપાલ, શિક્ષક અથવા મોનીટરનો હોદ્દો હોય એ ચોક્કસ ફરજો સાથે જોડાયેલો હોય છે. હોદ્દો મળવો ગૌરવની બાબત છે, પરંતુ તે ગર્વ કે અહંકારનું કારણ ન બનવું જોઈએ. જો વ્યક્તિ પોતાની જવાબદારીને સમજે અને ઈમાનદારીપૂર્વક નિભાવે, તો તે સંસ્થા કે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. હોદ્દો એટલે સોંપવામાં આવેલ કાર્યને નિષ્ઠાપૂર્વક અને સમયસર પૂર્ણ કરવું. હોદ્દો માણસને ઓળખ આપે છે, પરંતુ જવાબદારી તેને મહાન બનાવે છે.

**સુરત - સુનીલ શાહ**

## બદલાતા સંબંધોનું સત્ય

ભારતીય સમાજમાં વધતા વૈવાહિક છૂટાછેડા અને નવી મુશ્કેલીઓઃ પરંપરા, અધિકારો અને સ્વ-નિર્ણય વચ્ચે આધુનિક લગ્ન જીવનનો બદલાતો લેન્ડસ્કેપ દિલ્હીની એક ફેમિલી કોર્ટનું દ્રશ્ય આજના શહેરી ભારતના બદલાતા સામાજિક પરિદ્રશ્યનું વર્ણન કરે છે. સવારના દસ વાગ્યા છે. હજારો પરિવારોની વાર્તા છે જેમના સંબંધો સમય, અપેક્ષાઓ અને બદલાતા સામાજિક માળખાના દબાણ હેઠળ તૂટી રહ્યા છે. રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે અને સામયિક શ્રમ બળ સર્વેના ડેટા છેલ્લા બે દાયકામાં વૈવાહિક છૂટાછેડાના કેસોમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. જ્યારે બે દાયકા પહેલા પરિણીત મહિલાઓમાં છૂટાછેડા અથવા છૂટાછેડાની ટકાવારી લગભગ 0.6 હતી, તે હવે વધી ગઈ છે. શહેરી ભારતમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં આવા કેસોનું પ્રમાણ વધ્યું છે. પરંપરાગત ભારતીય સંસ્કૃતિમાં, લગ્નને એક અતૂટ સંસ્કાર તરીકે જોવામાં આવે છે, જે ફક્ત બે વ્યક્તિઓ વચ્ચે જ નહીં પરંતુ બે પરિવારો વચ્ચે પણ બંધન છે. પ્રાચીન ગ્રંથો લગ્નને સાત જીવનકાળના બંધન તરીકે વર્ણવે છે. આ જ કારણ છે કે છૂટાછેડાનો ખ્યાલ લાંબા સમયથી સામાજિક રીતે સ્વીકાર્ય ન હતો. ઈતિહાસમાં વિવિધ સમયગાળામાં કેટલાક સમુદાયોમાં અલગ થવાની પરંપરાઓ અસ્તિત્વમાં હોવા છતાં, સમાજ દ્વારા તેને વ્યાપકપણે પ્રોત્સાહન આપવામાં આવ્યું ન હતું. આધુનિક કાનૂની પ્રણાલીના આગમન સાથે, લગ્ન વિસર્જન માટે સ્પષ્ટ કાનૂની પ્રક્રિયાઓ સ્થાપિત થઈ, જે વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરે છે. "આજે છૂટાછેડાના મુખ્ય કારણોમાં ક્રૂરતા, ઘરેલું હિંસા, સતત વિવાદો, ત્યાગ, લગ્ન પહેલાની બેવફાઈ, બેવફાઈ અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો સમાવેશ થાય છે. આંકડા મુજબ, લગભગ 23 ટકા કેસોમાં ક્રૂરતા મુખ્ય કારણ છે, અને 14 ટકા કેસોમાં ઘરેલુ હિંસા. શિક્ષણ અને આર્થિક સ્વતંત્રતાએ મહિલાઓને ખાસ કરીને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરી છે. જ્યારે પહેલાં, મોટાભાગના કેસ પુરુષો દ્વારા શરૂ કરવામાં આવતા હતા, હવે લગભગ 58 ટકા કેસોમાં મહિલાઓ પોતે જ અરજીઓ દાખલ કરી રહી છે. આ પરિવર્તન ફક્ત વૈવાહિક અસંતોષની નિશાની નથી, પરંતુ સામાજિક માળખામાં વ્યાપક ફેરફારોને પણ પ્રતિબિંબિત કરે છે.

**સુરત - કાંતિલાલ માંડોત**

## 50 હજારથી વધુ મહિલાઓ હજુ ગુમ: જવાબદારી કોણ લેશે?

તાજેતરના અહેવાલો મુજબ, મધ્ય પ્રદેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આશરે 2.6 લાખ મહિલાઓ અને છોકરીઓ ગુમ થયાનું જણાવાયું છે, જેમાંથી 50,000થી વધુ હજુ સુધી મળી નથી. રાજ્ય સરકારે આ માહિતી વિધાનસભામાં રજૂ કરી છે. આ પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે અને સમગ્ર સમાજ માટે ગંભીર વિચારવાનો વિષય છે. આ માત્ર આંકડાઓ નથી. આ હજારો પરિવારોના દુખ, અસુરક્ષા અને આશાની લડત છે. એક સંવેદનશીલ અને જવાબદાર સમાજ તરીકે, મહિલાઓ અને બાળકોની સુરક્ષા આપણી પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. હવે જરૂરી છે કે સ્પષ્ટ જવાબદારી નક્કી થાય. શું પોલીસ અને વહીવટીતંત્ર પૂરતી અસરકારક કામગીરી કરી રહ્યા છે? શું તપાસ પ્રક્રિયામાં વિલંબ છે? શું સંસાધનો અને સ્ટાફની અછત છે? અને શું સમાજ તરીકે આપણે પણ વધુ સજાગ થવાની જરૂર નથી? રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગોની ફરજ છે કે તમામ બાકી કેસોની ખાસ સમીક્ષા કરવામાં આવે, દરેક જિલ્લામાં વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવે, અને પરિવારોને નિયમિત માહિતી તથા જરૂરી સહાય આપવામાં આવે. સાથે સાથે મહિલાઓ અને છોકરીઓની સુરક્ષા માટે વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવવું પણ આવશ્યક છે. આ સમય આરોપ લગાવવાનો નથી, પરંતુ નક્કર અને જવાબદાર પગલાં ભરવાનો છે. દરેક ગુમ થયેલી મહિલા અને છોકરી સુરક્ષિત રીતે ઘરે પરત આવે, તે માટે સરકાર અને સમાજ બંનેએ સાથે મળીને કાર્ય કરવું પડશે. સુરક્ષા અને જવાબદારી જ સમસ્યાનો સાચો ઉકેલ છે.

**સુરત - આશિષ ટેલર**

## ખોટ ક્યારે પુરાશે?

પૂરબહારમાં ખીલી છે ક્રિકેટની હરીફાઈ, વિવિધ દેશો વચ્ચેની મેચ સૌને ઘેલું લગાડ્યું. પરીક્ષા નજીક હોવા છતાં વિદ્યાર્થી, યુવાનો, વૃદ્ધો સૌ એના ચાહક. પ્રશ્ન એ થાય છે કે આપણા ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર, ગુજરાત અને વડોદરાની ટીમો વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. ભરૂચથી વલસાડ, બારડોલી, વ્યારા મતલબ દક્ષિણ ગુજરાતની એક ટીમ કેમ નહી? ઊંડે ઊંડે ગામડાંઓમાં પણ સારા બોલરો, બેટરો છે પરંતુ એમને તક જ નથી મળતી! ટેકો, સહારો નથી!સમૃદ્ધ, સધ્ધર અને સહેલાણીઓનું શહેર સુરત આવું સંગઠન બનાવી એક દક્ષિણ ગુજરાત રણજીટીમ ન બનાવી શકે? ભરૂચથી વલસાડ પૂર્વે વ્યારા શૂન્યાવકાશ જ. આ ખોટ ક્યારે પુરાશે?

**સુરત - કુમુદભાઈ બક્ષી**